આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


તમારે જો જાહેરમાં સારા દેખાવું હોય તો ખાનગીમાં પણ સારા રહો
- મહાદેવભાઇ દેસાઇ




Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૮૪ | ૪ જૂન, ૨૦૧૩, મંગળવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ધો-૧ ૨ સામાન્ય પ્રવાહમાં શહેરનું નિરાશાજનક પરિણામ

## ગાંધીનગર કેન્દ્રનું માત્ર ૫૦.૦૨ ટકા પરિણામ છાલા કેન્દ્ર ૮૬.૨૩ પરિણામ પ્રાપ્ત કરી મોખરે : એ-૧ ગ્રેડમાં જિલ્લાના એક પણ વિદ્યાર્થીને સ્થાન નથી



ગાંધીનગર જિલ્લામાંથી ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ૧૩૦૧૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ પૈકી ૧૨૯૩૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૫૨૦૩ વિદ્યાર્થી પરીક્ષામાં સફળ થયા નથી. જયારે જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડમાં સ્થાન મળ્યું નથી. જયારે એ-૨ ગ્રેડમાં ૬૭, બી-૧ ગ્રેડમાં ૬૬૭, બી-૨ ગ્રેડમાં ૧૮૯૯, સી-૧ ૨૭૨૧, સી-૨માં ૧૩૮૨ વિદ્યાર્થી અને ડી ગ્રેડમાં ૯૯૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જિલ્લાના વિવિધ કેન્દ્રો પૈકી ગાંધીનગર શહેરનું પરિણામ માત્ર ૫૦.૦૨ ટકા જ આવ્યું છે. કેન્દ્રમાં નોંધાયેલા ૪૪૭૩ વિદ્યાર્થીઓ પૈકી ૪૪૪૮

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજે

### નગરની શાળાઓનું પરિણામ

| શાળાનું નામ | કેટલા બેઠા | પાસ | પરિણામ |
|---|---|---|---|
| એન.કે. સોલંકી સ્કૂલ ઓફ કોમર્સ | ૧૬૯ | ૧૫૬ | ૯૨.૩૧% |
| માઉન્ટ કાર્મેલ, સેક્ટર-૨૧ | ૪૩ | ૩૯ | ૮૯% |
| આર.સી. પટેલ હાઈસ્કૂલ | ૨૭૩ | ૨૩૧ | ૮૪.૬૧% |
| આર.જી. કન્યા વિદ્યાલય | ૨૬૯ | ૨૨૩ | ૮૩% |
| જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય | ૧૨૬ | ૧૦૨ | ૮૦.૯૫% |
| સેન્ટ ઝેવિયર્સ, સે. ૮ | ૫૫ | ૪૩ | ૭૮.૧% |

પરિણામ જાહેર થયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાનું ૫૯.૦૭ ટકા પરિણામ આવ્યું છે. જયારે ગાંધીનગર કેન્દ્રનું માત્ર ૫૦.૦૨ ટકા જેટલું નબળું પરિણામ રહ્યું છે. જિલ્લાના તમામ સેન્ટરો પૈકી છાલા કેન્દ્રનું સૌથી ઉંચું ૮૬.૨૩ ટકા તેમજ ગાંધીનગર કેન્દ્રનું નિરાશાનજક ૫૦.૦૨ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થીનો એ-૧ ગ્રેડમાં સમાવેશ થયો નથી.

માર્ચ ૨૦૧૩માં લેવાયેલી બોર્ડ પરીક્ષા બાદ તબક્કાવાર બોર્ડ કસોટીના પરિણામ જાહેર કરવામાં આવે છે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ આજે શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. બોર્ડ પરીક્ષાનું પરિણામ અત્યંત નીચું અને નિરાશાજનક આવતા વિદ્યાર્થીઓ સહિત વાલીગણમાં પણ નિરાશા વ્યાપી હતી. જેમાં ખાસ કરીને ગાંધીનગર જિલ્લામાં જ પરિણામની ટકાવારી અત્યંત નબળી હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૫૯.૦૭ ટકા આવ્યું છે. જયારે જિલ્લાના ૮ સેન્ટરો પૈકી ગાંધીનગર કેન્દ્રનું પરિણામ પણ માત્ર ૫૦.૦૨ ટકા જ નોંધાયું છે.

### જિલ્લાના કેન્દ્રોનું પરિણામ

| | |
|---|---|
| ગાંધીનગર | ૫૦.૦૨ |
| કલોલ | ૫૩.૯૬ |
| માણસા | ૬૦.૯૧ |
| ચાંદખેડા | ૬૦.૮૯ |
| નાંદોલ | ૭૭.૫૪ |
| દહેગામ | ૭૯.૬૧ |
| ચંદ્રાલા | ૭૧.૨૯ |
| છાલા | ૮૬.૨૯ |

### શહેર આસપાસના કેન્દ્રોની પરિણામની ટકાવારી ઉંચી

ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ગત વર્ષની સાપેક્ષમાં ૨ ટકા નીચું આવ્યું છે. પરંતુ ગાંધીનગર જિલ્લાનું પરિણામ અત્યંત નબળું હોવાનું પરિણામની ટકાવારી પરથી સ્પષ્ટ થાય છે. શહેરનું પરિણામ માત્ર ૫૦ ટકા રહ્યું છે જયારે શહેર કરતા આસપાસના કેન્દ્રના પરિણામની ટકાવારી પ્રમાણમાં ઘણી ઉંચી છે. જયારે સમગ્ર બોર્ડ પરિણામમાં ૯૧ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. પરંતુ ગાંધીનગર જિલ્લાના એક પણ વિદ્યાર્થીનો તેમાં સમાવેશ થતો નથી.

### ગાંધીનગરના ટોપર્સ

| વિદ્યાર્થીનું નામ | શાળાનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| માલધારી પૂર્વા મધુકાન્તભાઈ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય (નોન ગ્રાન્ટેડ) | ૬૧૧/૭૦૦ |
| સિપાઈ મહંમદ સોહેલ હમીદભાઈ | એન.કે. સોલંકી સ્કૂલ ઓફ કોમર્સ | ૬૧૧/૭૦૦ |
| વ્યોમા હિતેન્દ્ર ઉપાધ્યાય | સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ | ૫૯૯/૭૦૦ |
| દૃષ્ટિ મહેશભાઈ વાળંદ | એન.કે. સોલંકી સ્કૂલ ઓફ કોમર્સ | ૫૯૭/૭૦૦ |
| સાનિયા મન્સુરી | સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ | ૫૯૫/૭૦૦ |
| તબસ્સુમ એસ. સૈયદ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય (નોન ગ્રાન્ટેડ) | ૫૯૫/૭૦૦ |
| મોનાલી મનીષ પાટડીયા | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય (નોન ગ્રાન્ટેડ) | ૫૯૫/૭૦૦ |
| હર્ષ અમૃતભાઈ સોની | એન.કે. સોલંકી સ્કૂલ ઓફ કોમર્સ | ૫૯૩/૭૦૦ |
| મનાલી અરૂણભાઈ પટેલ | એન.કે. સોલંકી સ્કૂલ ઓફ કોમર્સ | ૫૯૩/૭૦૦ |
| પ્રદિપકુમાર બી. ચૌહાણ | એન.કે. સોલંકી સ્કૂલ ઓફ કોમર્સ | ૫૯૧/૭૦૦ |

## પરિણામમાં છબરડા

### કોમ્પ્યુટરની પ્રેકટીકલ પરીક્ષામાં ૪૪ના બદલે ૪ ગુણ!

ગાંધીનગર, તા.૩

શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થતા બોર્ડ પરીક્ષાના પરિણામના અંતે કોઈને કોઈ છબરડા પ્રકાશમાં આવે છે. પરિણામમાં છતી થતી ગંભીર ક્ષતિઓ રીઝલ્ટ જાણવા ઉત્સુક વિદ્યાર્થીઓના ઘણીવાર હોશ કોશ ઉડાવી દે છે. આવો જ એક કિસ્સો આજે ધો-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામના અંતે ધ્યાને આવ્યો છે. અમદાવાદ સ્થિત નિર્માણ હાઈસ્કુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કૃતિ સંઘવીએ બોર્ડની વેબસાઈટ પર પોતાનું પરિણામ ચકાસ્યું હતું પરંતુ એનલાઈન જોવા મળતા રીઝલ્ટમાં તેણીને કોમ્પ્યુટરની પ્રેકટીકલ પરીક્ષામાં માત્ર ૪ ગુણ દર્શાવાયા હતા જયારે ફેઈલ રીઝલ્ટ જોઈ આઘાતમાં સરી પડેલી કૃતિએ શાળામાં સંપર્ક કર્યો હતો જયાંથી તેને કોમ્પ્યુટરની પરીક્ષામાં ૪૪ ગુણ હોવાનું ધ્યાને આવ્યું હતું. આ મામલે વિદ્યાર્થીનીના વાલીએ પરીક્ષા સચિવ સમક્ષ આજે રજૂઆત કરી હતી. જેના અંતે વિદ્યાર્થીનીએ શાળા કક્ષાએથી મેળવેલા ગુણ મુજબ આગળ કાર્યવાહી થશે તેવી સાંત્વના પણ આપી હતી.

## જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૭મી જૂનના રોજ મળશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી ૨૭મી જૂનના રોજ કાર્યકારી પ્રમુખ શ્રીમતિ ભીખીબેન ભરતજી ઠાકોરના અધ્યક્ષપદે યોજાશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદારહોલમાં યોજાનાર સામાન્ય સભાની આ બેઠક ત્રણ મહિનાની અવધિને ધ્યાને રાખી યોજવામાં આવી રહી હોવાનું પંચાયતના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ આ સામાન્ય સભા માટેનો એજન્ડા આગામી એક-બે દિવસમાં જ આખરી કરી અને જારી કરી દેવામાં આવશે. કૃષિ મહોત્સવ તેમજ શાળા-પ્રવેશોત્સવની તૈયારીમાં તંત્ર વ્યસ્ત હોવાને કારણે એજન્ડા આખરી કરવામાં વિલંબ થયો હોવાનું પણ અંતરંગ સૂત્રોનું માનવું છે.

આ સામાન્ય સભામાં આમ તો વિવિધ સમિતિઓની મળેલ બેઠકમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા ઉપરાંત ચોમાસાની ઋતુમાં આરોગ્ય વિષયક જન જાગૃતિ અંગેના લેવાયેલા પગલાંઓની જાણકારી માટે છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

Let's Rock Pragna Gajjar's
Let's Rock
Poojan Dance Classes
Presents
MEGA Dance & Fashion Show 2013
With Multimedia
● આપની જાણીતી કલાસંસ્થા દ્વારા ડાન્સ તથા ફેશન-શોનું આયોજન
● સંસ્થા દ્વારા તૈયાર થયેલ કલાકારો માટે સ્ટેજ પરફોર્મન્સની ઉજ્જવળ તક.
● રસ ધરાવનાર બાળકો તથા યુવક-યુવતીઓએ સંપર્ક કરવો.
સ્થળ : ટાઉનહોલ સેક્ટર-૧૭, ગાંધીનગર
તારીખ : ૨૨/૬/૨૦૧૩ સમય : બપોરે ૨ થી ૬
પ્રજ્ઞા ગજ્જર : મો. ન. ૯૯૦૪૨ ૫૧૬૫૧
'કૃપા', પ્લોટ નં. ૧૧૧૦/૧, સેક્ટર નં.૨/ડી, ગાંધીનગર

